# સરકાર માટે વિદ્યાસહાયક, પણ બાળક માટે સિદ્ધિવિનાયક

પી.ટી.સી.ના તાલીમાર્થીઓના વિદાય સમારંભમાં મહેમાન તરીકે જવાનું થયું. પ્રવચનમાં મારાથી કહેવાયું કે, મને ખરો આનંદ કોલેજના અધ્યાપક કરતાં પ્રાથમિકશાળાના શિક્ષક તરીકે મળતો હતો. પ્રવચનના અંતે તાલીમાર્થીઓ દ્વારા પ્રશ્ન આવ્યો કે આવું શા માટે? ત્યારબાદ અન્ય દિવસે તાલીમાર્થીઓને આપેલો જવાબ.

પ્રાથમિક શિક્ષક તરીકે તમે જ્યારે નોકરીમાં જોડાવો છો, ત્યારે એક વાતની નોંધ લેવડાવું કે તમે માત્ર નોકરી કરવા જ નથી જતાં, પણ તમે રાષ્ટ્રના નાગરિકોને ઘડવા માટે જઇ રહ્યાં છો. તમે વર્ગખંડમાં કે મેદાન કે ગામના રસ્તા પર જ્યારે ઊભા હોવ છો ત્યારે કોઇ લોકો તમને એક શિક્ષક તરીકે જૂએ છે, પણ બાળકો અને વાલીઓ તો તમને આદર્શ-પ્રેરણામૂર્તિ તરીકે જ જોતા હોય છે. બાળકો માટે તમે જ સિદ્ધિ વિનાયક છો.

બાળકો માટે જો આ દુનિયામાં સૌથી વધારે ભરોસાપાત્ર કોઇ વ્યક્તિ હોય તો તે માત્ર તમે જ છો. પ્રાથમિકશાળાના બાળકો જો અન્ય કોઇ વ્યક્તિની ચર્ચા કરતાં હોય તો તેમાં સૌથી વધારે ચર્ચા તેમના શિક્ષકની જ કરે છે. એવા સતત બે કલાક નહીં હોય કે જ્યારે બાળકે તેના શિક્ષકને યાદ ન કર્યા હોય. પછી તે શિક્ષક ગામડાંની શાળામાં ભણાવતો હોય કે શહેરની, તે શાળા સરકારી હોય કે ખાનગી. બાળકો માટે આ વાડાઓ બંધન કર્તા નથી. તેમના મતે અને મને તો આ દુનિયામાં સૌથી હોશિયાર, પ્રામાણિક અને ઉચ્ચ જો કોઇ હોય તો તે તેમના શિક્ષક જ છે.

પ્રાથમિકશાળાના બાળકો જેટલો ભરોસો તેમના મા-બાપ પર નથી મૂકતા તેટલો ભરોસો-વિશ્વાસ તેમના શિક્ષક પર મૂકે છે. આ નાનાં ભૂલકાઓ માટે તમે જ ભગવાન છો, તમેજ પરમેશ્વર છો, તમે જ સિદ્ધિવિનાયક છો, તમેજ સર્વસ્વ છો. આ બાળકો તમને જેટલું અને જે રીતે ચાહે છે તેટલું અને તેવી રીતે ચાહનાર આ દુનિયામાં તમને કોઇ જ નહીં મળે. કેવાં નિર્દોષ કિલ્લોલ કરતાં આ બાળકો. કે જેમના મનમાં દુનિયાની ખરાબી એ ડોકું પણ કર્યું નથી. આવાં પવિત્ર બાળકો સાથે અને માટે કામ કરવું તે નોકરી ન કહેવાય, તેને માટે તો સગૌરવ આનંદ થવો જોઇએ.

ઘરમાં મા-બાપ સાથે રડારડ કરતું બાળક, કોઈ વસ્તુ લેવા માટે જીદ કરતું બાળક, ચોક્કસ પ્રકારનું શાક ન ખાતું બાળક, કડવી દવા ન પીતું બાળક, જૂનાં કપડાં ન પહેરતું બાળક યાદ કરો. બાળકના આ વર્તનથી તેના વાલીની માનસિક સ્થિતિ કેવી હોય છે? આ પરિસ્થિતિમાંથી બાળકને બહાર લાવવા વાલીની સમજાવટ ભાગ્યેજ કામયાબ નીવડે છે. કાયરેક તો કંટાળેલો વાલી મારઝૂડ પણ કરે છે. છતાં પરિસ્થિતિમાં કોઇ જ ફેર પડતો નથી. ત્યારે ઇઇચ્છત પરિણામ મેળવવા માટે વાલી પાસે અંતિમ અને એક માત્ર હથિયાર છે અને તે - જે તે બાળકના શિક્ષક. આમ પ્રાથમિક શાળાનો શિક્ષક બાળકો માટે જ નહીં પણ મોટેભાગે વાલી માટે પણ સિદ્ધિવિનાયક જ  છે. વાલી બાળકને એમ કહેશે કે, આ કર અથવા તો ન કર, નહીં તો તારા શિક્ષકને કહી દઇશ.“ પરિણામ? બાળકમાં ઇચ્છિત પરિવર્તન. અહીં બાળક શિક્ષકના ભય-ડર કરતાં પ્રેમને કારણે જ આ કરે છે. કડવી દવા ન પીતાં બાળકને વાલી લાખ સમજાવટ કરે તો પણ બાળક પગપછાડતાં પછાડતાં દવા ઢોળી દેશે. અને તે જ બાળકને માંથે હાથ ફેરવી ને તેનો શિક્ષક કહે કે, “બેટા જો તું આમ નહીં કરે તો મને નહીં ગમે.” અને અંતે બાળક

સહેજપણ ફરિયાદ કે મોઢું બગાડયાં વગર જે તે કામ પ્રેમથી કરશે. તો, વિદ્યા સહકાયક મિત્રો.... આટલું ઊચું માન-પાન તમને બીજો કયો વ્યવસાય આપી શકે.

આ દુનિયામાં તમે જ માત્ર એવાં છો કે જેને અન્ય ગમેતેવા મોટા અધિકારી પણ “સાહેબ” કહીને બોલાવશે. કોર્ટના જજ સાહેમ હોય કે પોલીસ કમિશ્નર હોય કે સરકારમાં મંત્રીનું સ્થાન શોભાવતા કોઈ પણ વ્યક્તિના ઘેર તમે જશો કે તે વ્યક્તિ શાળામાં તમારી સામે આવશે તો તમને નમસ્કાર કરીને “સાહેબ‘ કહીને જ બોલાવશે. અહીં નથી જોવાતું તમારું કે એમનું ભણતર કે નથી જોવાતો પગાર. જો જોવાતું હોય તો તે છે માત્ર તમારી જવાબદારી, તમારું કાર્ય, તમારી ભૂમિકા. તો મિત્રો આટલું ઉચ્ચમાન-પાન જે સમાજમાં મળતું હોય તે સમાજ માટે પૂરતી નિષ્ઠા-ખંતથી નોકરી નહીં પણ સેવા કરવી એ આપણી સર્વગ્રાહી ફરજ બની રહે છે. તમારે વિદ્યાસહાયક બનીને શાળામાં માત્ર અક્ષરજ્ઞાન જ નથી આપવાનું, માત્ર ભણાવવાનું નથી.પણ મૂલ્યલક્ષી શિક્ષણ માટે વાલીઓને સાથે રાખીને ઇરાદાપૂર્વકના પ્રયત્ન પણ કરવાના છે. આ માટે એક તર્ક પણ રજૂ કરું છું, તમને ભણાવવા માટેનો તો પગાર સરકાર આપે છે. પણ સમાજમાંથી, વાલી તરફથી અને દુનિયામાં સૌથી વધારે પ્રામાણિક અને નિર્દોષ ગણાતાં એવા બાળકો તરફતી જે માન-પાન-મોભો મળે છે તેના બદલામાં તમારે પણ સમાજને કશુંક તો આપવું જ પડશે ને! તમે એટલાં તો સ્વાર્થી નહીં જ બનો. માટે જ વાલી બાળકની કોઇ ફરિયાદ લઇને આવે તો તેને પ્રેમથી સાંભળો અને ફરિયાદ ઉકેલવામાં મદદરૂપ બનો.

આજે શાળામાં બાળક દેખાય છે પણ તેનું બાળપણ દેખાતું નથી. પ્રાથમિકશાળાના બાળકને શાળામાં મુક્ત રીતે હસતાં-કિલ્લો કરતાં જોવા એ આજે લોટરી લાગવા સમાન છે. આ લોટરી ભાગ્યે જ લાગે છે તેનું દુ:ખ સૌને હશે જ. નિખાલસતાથી ભરપૂર, અંચઇમાં પણ નિર્દોષતાં વેરતાં બાળકોને રમવા દો- રખડવા દો. તમના બાળપણને ઝૂંટવી ના લો, ચગદાવી ન દેતાં બાળકને બાળક તરીકે જ રહેવા દો. તેની મસ્તીને મસ્તીથી જોજો, રોકતાં નહીં, મજા આવશે. તમે તમારું બાળપણ યાદ કરો. કેવી મજા આવે છે? તો તેમના બાળપણને પણ મુક્ત રીતે પ્રગટ થવા દો- વિકસવા દો, સંભારણું બનવા દો.

માટે જ દોસ્તો ગૌરવ અપાવતાં આ વ્યવસાયમાં તમેજ પાયામા પથ્થર છો, તમે જ પ્રેરણામૂર્તિ છો, તમે જ રોલ-મોડેલ છો, સરકારે શિક્ષણના વ્યવસ્થાપન માટે ભલે તમને વિદ્યાસહાયક બનાવ્યા હોય , પણ તમે બાળકો માટે તો સિદ્ધિવિનાયક છો. બાળકો માટે તમે જે કહો તે જ સાચું-આખી દુનિયા ખોટી ! મમ્મી-પપ્પા પણ ખોટાં! ભગવાન કરતાં પણ વધુ ભરોસો મૂકતાં આ બાળકોનો ભરોસો તોડશો નહીં. આનંદસહ ગૌરવસાથે ફરજ બજાવો. મજા આવશે. આ મજા જ તમને જીવન જીવવાનું, વિદ્યા સહાયકમાંથી વિકાસ કરવાની પ્રેરણા પૂરી પાડશે. આ બાળકો સાથે રહેવું, કામ કરવું, સમય પસાર કરવો એ દરેકના નસીબમાં હોતું નથી, માટે જ તમે નસીબદાર છો. આવા નસીબદાર તમે જ બાળકના ભાગ્યવિધાતા બનીને તમારા વ્યવસાયને વધુ ગૌરવ અપાવો તેવી અભ્યર્થના સહ....